અપીલ અરજી નં.૧૨૨ તા.૧–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૫–૧૦ નીઅરજીથી (૧) વિવેકાનંદ કોલેજનું બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો આ મિલ્કતધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહીતની માહિતી (૨) આ કોલેજના બાંધકામને વિકાસ અંગેની પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો. (૩) વિવેકાનંદ કોલેજના બાંધકામમાં કેટલું બાંધકામ ગેરકાયદે મંજુર પ્લાન વિનાનું છે તેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૨/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૫–૧૦ નીઅરજીથી (૧) વિવેકાનંદ કોલેજનું બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો આ મિલ્કતધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહીતની માહિતી (૨) આ કોલેજના બાંધકામને વિકાસ અંગેની પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો. (૩) વિવેકાનંદ કોલેજના બાંધકામમાં કેટલું બાંધકામ ગેરકાયદે મંજુર પ્લાન વિનાનું છે તેની વિગત આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ઝોન/આ./૧૮૩ તા.૨૫–૬–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા વધુમાં અરજદારને પત્ર કયારે રવાના કર્યો અને કયા પ્રકારે? રૂબરૂ હોય તો કયારે પહોચાડયોં? તેની વિગત સહિત પત્ર નં.આરટીઆઈ સેલ/૪૬૮ તા.૮–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૭–૫–૧૦ ની અરજીથી માહિતી માંગતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/૧૮૩ તા.૨૫–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ વિવેકાનંદ કોલેજનું બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો આ મિલ્કતધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની માહિતી. તેવા પ્રશ્ન અંગે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેર ઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબ વિવેકાનંદ કોલેજમાં મંજુર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ અન્વયે સદરહુ મિલ્કતના હિત ધરાવનારાઓને રાંદેરઝોન તરફથી ધી બીપીએમસી એકટ મુજબ નોટીસ આપવામાં આવેલ છે. જેની નકલ રાંદેરઝોનની કચેરીએ રૂા.૬/– ભરપાઈ કર્યેથી તમોને મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ આ કોલેજના બાંધકામને વિકાસ અંગેની પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ કોલેજના બાંધકામને વિકાસ અંગેની પરવાનગી આપેલ છે જેની નકલ અત્રેની રાંદેરઝોન કચેરીએ રૂા.૫૬૭/– ભરપાઈ કર્યેથી તમોને મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.( ૩) વિવેકાનંદ કોલેજના બાંધકામમાં કેટલું બાંધકામ ગેરકાયદે મંજુર પ્લાન વિનાનું છે તેની વિગત આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતીની વિગત ઉપર અ.નં.૧ મુજબ રાંદેરઝોન કચેરીએ રૂા.૬/– ભરપાઈ કર્યેથી તમોને મળી શકશે. તેવું જણાવેલ છે. અરજદારે તા.૧–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરી પશ્ચિમઝોન/ધ્વારા મોકલવામાં આવેલી તા.૨૫–૬–૧૦ ના પત્રની નકલ તા.૨૮–૬–૧૦ ના રોજ કચેરીમાં રૂબરૂ આપવામાં આવેલ છે. તેથી સમય મર્યાદા પૂર્ણ થતી હોવાથી માંગેલ માહિતીની કોઈ જ રકમ ભરવાની રહેતી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારની તકરાર માહિતી પૂરી પાડવાની સમય મર્યાદા બાબતેની છે. જે બાબતે અરજદારને આપેલી માહિતી ટપાલ તા.૨૮–૬–૧૦ ના રોજ રૂબરૂમાં આપેલ છે તેવું જણાવી તા.૨૮–૬–૧૦ ના રોજ સ્વીકારેલ છે. તેવું લખાણ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી તે બાબતે માહિતી પોસ્ટ ધ્વારા તા.૨૫–૬–૧૦ ના રોજ રવાના કરેલ બાબતે આધાર પુરાવા કે વિગતો પૂરક માહિતીમાં અપીલ તબકકે આપેલ નથી. કે કલમ–૭(૧) સાથે ૭(૩) ની અવધિમાં કાર્યવાહી કર્યાના આધાર રજૂ કરેલ નથી. અરજદારે તા.૨૮–૬–૧૦ ના રોજ ટપાલ રૂબરૂ માં આપવામાં આવેલ હોય તો ફી ભરવા અંગેનો પત્ર તા.૨૮–૬–૧૦ ના રોજ પૂરો પાડેલ ગણાય. જે ૭(૧) ની સમય અવધિ બાદ થાય. જાહેર માહિતી અધિકારીને અરજદારની અપીલ અરજીની નકલ સહ બચાવ માટે તક આપવા છતાં અરજદારના રૂબરૂમાં તા.૨૮–૬–૧૦ ના રોજ પત્ર આપ્યાના દાવાનું ખંડન રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૭–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતીજાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ–૭ (૧) સાથે ૭ (૩) ની અવધિમાં પૂરી પાડેલ ન હોઈ અરજદારે માંગેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) ની જોગવાઈઓ મુજબ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ, પ્રોફેશનલ ક્રાઈમ